જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૨/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૦૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૧૩૧ લીટર દેશી દારૂ, ૧૫૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૩૮૪૮/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૧૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૨૬૧૧/૧૭**

**વાડજઃ (૧)** લીલાબહેન વા/ઓ માણેકલાલ પરમાર (ઉ.વ.૬૦) (રહે. ચન્દ્રભાગા હાઉ. નવા વાડજ**) એ તા.૨૭/૧૨/૧૭ નારોજ વાડજ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૧૭ બપોરના ૧૨/ થી ૨/૦ વાગ્યા દરમ્યાન લીલાબહેનના ઘરે વિધવા પેન્શના પૈસા અપાવવાનુ જણાવી એક સ્ત્રી આવી હતી. ત્યારબાદ લીલાબહેનને સાબરમતી કબીર ચોક મ્યુનિ કોર્પો. સ્કુલ નજીક લઈ જઈ લીલાબહેનને પહેરેલ સોનાની વીંટી નંગ-૨ કિમત રૂપિયા ૧૨,૦૦૦/-, સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાનુ ગોળ કડુ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૬૨,૦૦૦/- કઢાવી પર્સમાં મુકાવી પર્સ લઈને જણાવેલ કે તમારા રેશન કાર્ડની નકલ કરાવીને આવુ છું તેમ જણાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી પલાયન થઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઈ.શ્રી આર.આર.મિશ્રા ચલાવે છે.

**(૨)** યોગેશ બી.પટેલ (ચીફ મેનેજર સી.સી.પી.સી.શાખા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બીજો માળ ગુજરાત વિદ્યાપીઠ કમ્પાઉન્ડ ઈન્કમટેક્ષ ચાર રસ્તા પાસે આશ્રમ રોડ**) એ તા.૨૭/૧૨/૧૭ નારોજ વાડજ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૧૭ કચેરી સમય દરમ્યાન આરોપી રવિકાંતકુમાર સુરેશસિંહ (રહે. કલ્યાણભાઈની ચાલી ડોકમંડી ગામ અમલી સીલાવસા દાદરાનગર હવેલી) એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બેંકનો લોગોવાળો એક બનાવટી ચેક ઘડી કાઢી તેમાં પોતાનુ નામ દર્શાવી ખાતેદારના નામની ખોટી સહી કરી રૂપિયા ૨,૪૦,૮૦૦/- રકમ દર્શાવી તે ચેક બેન્ક ઓફ મહારાષ્ટ્ર રાવપુરા શાખા વડોદરા પોતાના ખાતામાં જમા કરાવી નાણા પોતાના ખાતામાં જમા થતા નાણાં ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઈ.શ્રી એચ.ડી.પુરોહીત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૨/૧૭**

**વસ્ત્રાપુરઃ શૈવલ અશોકભાઇ પટેલ (રહે. ગ્રીનફીલ્ડ સોસાયટી સિંધુભવનરોડ થલતેજ)એ** વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૭/૧૨/૧૭ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી પુજાના વાસણો અને રોકડ રૂપિયા તથા સાહેદના મકાનમાથી મળી કુલ રૂપિયા ૬૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એક.રબારી ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** વિવેકભાઇ જયંતભાઇ દવે (રહે.સત્યમેવ વિસ્તા ગોતા ચાર રસ્તા પાસે ગોતા**) એ સોલા હાઈકોર્ટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૧૭ રાતના ૮/૦૦ થી તા.૨૭/૧૨/૧૭ સવારના ૮/૪૫ વાગ્યા દરમ્યાન ગોતા તળાવની નજીકમા સ્વસ્તીક દ્રેનાઇટની સામે ટાઇલ વર્લ્ડની બાજુમા વિકાસ પેકેજીંગ નામની પુઠાના બોક્સ બનાવવાની ફેકટરીની ઓફીસની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી એલ.ઇ.ડી ટીવી, સેટઅપ બોક્ષ, કોમપ્યુટર, ઇલેક્ટ્રીક મોટર નંગ-૩ તમામ ચીજ વસ્તુઓની કિમત રૂપિયા ૪૧,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨૨૦૦/- મળી કુલ રૂપિયા ૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**ચાંદખેડાઃ** અરવિંદભાઇ ડાહ્યાભાઇ પટેલ (રહે.આમ્રકુંજ લેકવ્યુ,બંગ્લોઝ ચાંદખેડા ગામ પાછળ ચાંદખેડા**) એ ચાંદખેડા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૧૭ સાંજના ૭/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની સ્ટોપર તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.સી.પટેલ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ આરીફ મોહમદ યાસીન મન્સુરી (રહે. ત્રીજામાળે હલાડીવાડ ઈંડાવાળાની ગલી રિયાઝ હોટલની પાછળ જમાલપુર) એ ગાયકવાડ હવેલી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૧૭ બપોરના ૧૨/૩૦ થી રાતના ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૯,૧૯૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એન.એસ.રાઠોડ** ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૬૧૩/૧૭**

વસ્ત્રાપુરઃ **મિત મુકેશભાઇ પંડયા (રહે.સ્વીસ એવન્યુ પટેલ કોલોની માણેકબાગ હોલ સામે આંબાવાડી) એ** તા.૨૭/૧૨/૧૭ બપોરના ૧/૦૦ વાગે **વસ્ત્રાપુર સંદેશપ્રેસ રોડ ખાતે આવેલ સુપર પ્લાઝા કોમ્પ્લેક્ષના નીચે** પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ અને ટેબલેટ મળી કુક રૂપિયા ૪૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ મીત પંડ્યાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.જાડેજા ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** ઇન્દુબહેન કમલભાઇ સુરતી (ઉ.વ.૬૪) (રહે. દેસવાલી સોસાયટી સેલ્સ ઇન્ડીયાની બાજુમા પલક પાર્કની સામે ઉમીયા હોલ ઘાટલોડીયા**) ના ઘરે** તા.૨૭/૧૨/૧૭ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે **બે અજાણ્યા પુરૂષો** વાસણો સાફ કરવાનુ લીકવીડ લઇ આવી ફ્રીમાં ટેસ્ટ કરી આપવાનુ કહીઘરેણાં પણ સાફ કરવાની વાત કરી ઈન્દુબહેનને પહેરેલ સોનાની બંગડીઓ અને સોનાની વિંટીઓ મળી કુલ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- મત્તાની એક ડબ્બામાં મુકી લીકવીડ નાખી ગરમ કરવાનુ કહી ફરીની નજર ચુકવી ચોરી કરી લઇ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ ઇન્દુબહેન સુરતી**એ ઘાટલોડીયા** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૪/૧૭</u>**

**શાહીબાગઃ** હસમુખભાઇ લક્ષ્મણભાઇ પટેલ (ઉ.વ.૫૮) (રહે.ઉમીયાનગર સોસાયટી કલાપીનગર મેઘાણીનગર) તા.૨૭/૧૨/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ ગીરધરનગર રોડ કલ્પતરુ હોસ્પીટલ સામેથી સ્કૂટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હસમુખભાઈના સ્કૂટરને ટક્કર મારી ઈજાઓ કરી હસમુખભાઈના સ્કૂટરની ડેકીમાં રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- કાઢી લુંટ કરી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હસમુખભાઈ પટેલે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એચ.પઠાણ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૫/૧૭</u>**

**ઘાટલોડીયાઃ** મહેન્દ્રભાઇ છોગાજી રાણા (ઉ.વ.૨૯)(રહે.લક્ષ્મીકૃપા એપાર્ટમેન્ટ પારસનગર સોલા રોડ ઘાટલોડીયા**) એ** તા.૨૪/૧૨/૧૭ કલાક ૪/૦૦ વાગે લક્ષ્મીકૃપા એપાર્ટમેન્ટ પંચદેવ મહાદેવના મંદીર પાસે પોતાની મહિન્દ્રા બોલેરો પીકપ ગાડી ૦૧ ડીવી ૯૪૭૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/-પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેન્દ્રભાઇ રાણા**એ તા.૨૭/૧૨/૧૭ નારોજ ઘાટલોડીયા** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.વી.ચાવડા ચલાવે છે.

**રામોલઃ** લાલજીભાઇ રણછોડભાઇ પટેલ (રહે. સંજયપાર્ક સોસાઅજયટેનામેન્ટની પાછળ મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ**) એ** તા.૨૩/૧૨/૧૭ રાતના ૯/૩૦ વાગે વસ્ત્રાલ સંજયપાર્ક સોસાયટીના ગેટ આગળ પોતાની ઇક્કો ગાડી નંબર ૨૭ ઈબી ૦૧૬૩ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/-પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૧૨/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ લાલજીભાઈ પટેલે **તા.૨૭/૧૨/૧૭ નારોજ રામોલ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**<u>ભુલથી દવાની બોટલથી પાણી પી જતા મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૬/૧૭</u>**

નરોડાઃ સંતોષકુમાર સત્યનારાયણ પાંડે (ઉ.વ.૩૨) (રહે. આંગન સોસાયટી ઘનશ્યામ સોસાયટી નોબલનગર**)** તા.૨૪/૧૨/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે નરોડા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં **ભુલથી મચ્છર મારવાની દવાવાળી બોટલમા પાણી નાખી પી જતા સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ**આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઇ જીવાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૧૭/૧૭</u>**

**કૃષ્ણનગરઃ સૌમ્ય ફાલ્ગુનભાઇ માલવીયા (ઉ.વ.૧૧) (રહે. છપૈયા ધામ ફ્લેટ બાપાસીતારામ ચોક નવા નરોડા)** એ અગમ્ય કારણસર તા.૨૭/૧૨/૧૭ કલાક ૯/૪૫ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે **પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ** આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.